<u>વંચાણમાં લીધા –</u>

(૧) સરકારશ્રીના મજૂર, સમાજ કલ્યાણ અને સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧/૪/૧૯૭૮ નો ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૩૭૩૪-ફ તથા તા.૪/૭/૧૯૭૮નો સુધારા ક્રમાંક: બકર/ ૧૦૭૮/ ૧૨૩૩૪/ ફ

(૨) સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગનો તા.૬/૬/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૦૨/ ૧૪૪૪/ અ

(૩) સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૪/૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૨૦૧૨/૪૫૬૮૦૪/અ

---

નં. વિજાક/જન/જાપ્રપ/૨૦૧૭-૧૮/ ૭૬

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
બ્લોક નં. ૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય, ગાંધીનગર
ફોન નં .૨૩૨૫૩૨૪૫ થી ૫૩,ફેકસ નં ૨૩૨૫૩૨૪૬
E.MAIL: dire-dcw@gujarat.gov.in

તા. ૪/૯/૨૦૧૭

## પરિપત્ર :-

વંચાણ(૧) થી (૩) પરના સરકારશ્રીના ઠરાવોથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં અનુક્રમ નં. ૭૨ ઉપર **"ઠાકરડા, ઠાકોર, પાટણવાડીયા, ધારાળા, બારૈયા, બારીયા"** જાતિ સમૂહનો સમાવેશ કરવામાં આવેલ છે. જે જોતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વર્તમાન યાદીમાં અનુક્રમ નં. ૭૨ ઉપર સમાવિષ્ટ બારીઆ કે બારીયા જાતિની સ્વીકારવાપાત્ર પુરાવાઓથી નોંધ ધરાવતા ઇસમોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર આપવામાં આવે છે.

અનુભવે જણાયું કે રાજ્યમાં, ખાસ કરીને રાજ્યના દક્ષિણના જિલ્લાઓમાં **"બારી"** જાતિ વસવાટ કરે છે. આ **"બારી"** જાતિ મૂળે મહારાષ્ટ્ર રાજ્યની છે, અલબત્ત પેઢીઓથી ગુજરાત રાજ્ય ખાતે વસવાટ કરતી હોવાથી તેઓ **"બારી"** જાતિમાં હોવા છતાં અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ગુજરાત રાજ્યની યાદીમાં તેનો સમાવેશ ન હોવા છતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ગુજરાત રાજ્યની **"બારીઆ"** જાતિ હોવાનો દાવો ઉપસ્થિત કરી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી "બારીયા" કે "બારીઆ" જાતિના પ્રમાણપત્રો લેવા પ્રયાસ કરે છે. અનુભવે એમ પણ જણાયું છે કે "બારી" જાતિના નોંધના આધારે તેઓને જાતિ પ્રમાણપત્રો મળી શકતા ન હોવાથી મૂળ "બારી" જાતિના હોવા છતાં નવી પેઢીના સંતાનોને શાળામાં દાખલ કરતી વેળાએ તેઓ "બારીઆ" કે "બારીયા" જાતિની નોંધ કરાવતા હોય છે. પરિણામે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ન હોય તેવા મૂળ "બારી" જાતિના ઇસમો બારીયા/બારીઆ જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવી લે તેમ બને છે.

આથી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો આપતા તમામ સક્ષમ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે મૂળ "બારી" જાતિના ઇસમો પરંતુ "બારીયા" કે "બારીઆ" જાતિની ભળતી નોંધના આધારે "બારીયા" કે "બારીઆ" જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો ન મેળવી લે તેની પૂરતી તકેદારી રાખવાની રહેશે. સાથે સાથે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મૂળ ગુજરાતના બક્ષી કમિશને સર્વે કરેલા અને સરકારશ્રીની સ્વીકૃત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિમાં અનુક્રમ નં. ૭૨ ઉપર સમાવિષ્ટ કરાયેલા સાચા અને હક્કદાર બારીયા, બારીઆ જાતિના ઇસમોને જાતિ પ્રમાણપત્રો મેળવવામાં બીન જરૂરી હાલાકી (**Hardship**)ન પડે તે પણ જોવાનું રહેશે.

આ સ્પષ્ટતાથી કોઇ નવીન જૂથ/જાતિનો ઉમેરો કે બાદબાકી થતી નથી. માત્ર "બારી" જાતિના ઇસમો ભળતા આધાર/પુરાવાઓથી મૂળ ગુજરાત રાજ્યની "બારીયા" કે "બારીઆ" જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવી ન લે તે હેતુથી સક્ષમ સત્તાધિકારીઓને સ્પષ્ટતાસૂચક જાણ કરવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો અંગે સરકારશ્રીની વખતો વખતની સ્થાયી સુચનાઓ યથાવત રહે છે.

(કે.જી.વણઝારા)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુ. રા., ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી વિ.જા)......................

૨/- સદરહુ સુચનાઓ ધ્યાને લેવા તથા આપના જિલ્લાના જાતિ પ્રમાણપત્ર આપતા સક્ષમ સત્તાધિકારીઓના ધ્યાને લાવવા સારૂ તેમજ કલેકટરશ્રીની અધ્યક્ષતાવાળી સમિતિમાં ચર્ચા કરી સંબંધિત સૌને વાકેફ કરવાની વિનંતી સાથે.

**નકલ સવિનય રવાના :-**
અગ્ર સચિવશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ